**ફોજદારી કેસ નં.<u>૩૭૦૦૫/૨૦૨૧</u>**

# <u>આંક–૧ નીચે ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૨૫૮ અન્વયેનો હુકમ</u>

સદરહું કેસનું રેકર્ડ વંચાણમાં લેવામાં આવેલ છે. આરોપી સામેનો હાલનો કેસ ઘણો જ જુનો છે. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. આરોપી વિરૂધ્ધનો ગુનો તેનો પ્રકાર મહતમ સજાની જોગવાઈ વિગેરે ધ્યાનમાં લેતાં આરોપી વિરૂધ્ધનો સદરહું કેસ વધુ સમય આગળ ચલાવવો નાણાં અને સમયના વ્યય સમાન છે. જેથી મૃત સ્થિતિમાં હોય તેવા જુના વર્ગીકરણ કરી કેસને ક્રિમીનલ પ્રોસિજર કલમ–૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને રાખી સદરહું કેસ આગળ ચલાવવા માટેના કોઈ યોગ્ય અને ઉચિત કારણો જણાઈ આવતાં નથી.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, સદરહું કેસ DEAD WOOD CASE ની કેટેગરીમાં આવે છે. જેથી તેવા કેસને આગળ ચલાવવાથી કોઈ અર્થ સરે તેમ નથી. જયારે તેવા કેસ ક્રિમીનલ પ્રોસિજર કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાની કોઈપણ વ્યકિત કે સરકાર પક્ષને પણ કોઈ જ પ્રેજયુડાઇઝ થવાની કોઈ જ શકયતા નથી અને તેથી સદરહું કેસ ક્રિમીનલ પ્રોસિજર કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમયે પુરો થયે મુદ્દામાલની માલિકીની ખરાઈ કરી તેના માલિકને પરત કરવો/ મુદ્દામાલને નાશ કરવો / મુદ્દામાલ બાબતે ઈન્કવાયરી કરવી / મુદ્દામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે / મુદ્દામાલ સરકાર ખાલસા કરવો.

હુકમ આજરોજ તારીખઃ– ૧૨, માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તારીખઃ– ૧૨/૦૩/૨૦૨૨
અમદાવાદ

**(કુ.એસ.પી.પટેલ)**
એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૦, અમદાવાદ.
**GJ01123**